# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઘરના ભૂવા તપાસનાં ડાકલાં વગાડે છે,
કાઢી નાખે વર્ષો, ખોટો સમય બગાડે છે,
લગાડે છે ચૂનો, સરકારી તિજોરીને મોટો -
જગાડે ન્યાયની આશાને આરોપ ફગાડે છે..

## હાઇકુ

તપાસ પંચ
બને ગુન્હેગારોનો -
બચાવ મંચ..

મળે છે લંચ
બોલ છે પઢાવેલું,
પાળેલું પંચ..

## ચિંતન

*હસ્તૌ દાન વિવર્જિતૌ શ્રુતિપુટૌ સારસ્વત દ્રોહિણૌ નેત્રે સાધુવિલોકનેન રહિતે પાદૌ ન તીર્થ ગતૌ ।*
*અન્યાય જિતવિત્ત પૂર્ણમુદરં ગર્વેણ ભુંગં શિરો રે રે જંબુક મુંચ મુંચ સહસા નિંદ્યં સુનિન્દં વપુઃ ॥*

ચાણક્ય નીતિનો આ શ્લોક જીવન જીવવાના સાચા આદર્શ-હેતુ-ધ્યેય-લક્ષ્યનું પાલન નથી કરતા કે જેને જીવનની કિંમત જ સમજાઇ નથી-હેતુવિહીન ખાઇ-પી-સૂઇ જઇ જીવન વિતાવે છે એમાં લોકોનું જીવન જીવવું જ નિરર્થક છે - મૃત શરીર સાથે એ શ્વાસ લે છે. સાચાં જીવન આચરણ દર્શાવતાં માર્ગદર્શન આપે છે કે - અને કહે છે કેવા લોકોનું જીવન નિરર્થક છે :

- જેણે પોતાના બંને હાથથી દાનપુણ્ય કરવા જેવું પવિત્ર કાર્ય નથી કર્યું.
- જેણે પોતાના કાનથી શાસ્ત્રોનું શ્રવણ નથી કર્યું અર્થાત વેદ-પુરાણ અને ધર્મગ્રંથોનું સત્સંગ દ્વારા શ્રવણ નથી કર્યું.
- ધર્મ અને શાસ્ત્રોથી વિપરીત વર્તન કરી તેનો અનાદર કરી નાસ્તિક જેમ વર્તન કરી, શાસ્ત્ર આજ્ઞાનું પાલન નથી કર્યું.
- નેત્રો દ્વારા મંદિરોમાં સૌમ્યમૂર્તિઓ અને સાધુ-સંતોના દર્શન નથી કર્યા.
- અને, પદયાત્રા દ્વારા ધાર્મિક તીર્થધામોના દર્શન નથી કર્યા.
- માતા-પિતા-ગુરુ-વડીલ આચાર્યોની વંદના નથી કરી, છતાં ય જે પોતાની બુદ્ધિ પર ગર્વ કરે છે. આવાં મનુષ્યો શિયાળથી પણ લુચ્ચાં છે, નીચ અને નિંદનીય છે આવાં લોકોએ શક્ય એટલો વહેલો પ્રાણત્યાગ કરવો જોઇએ.

## સુવિચાર

- સારૂં પુસ્તક એ છે કે જેને આશા સાથે ખોલી શકાય અને સંતોષ સાથે બંધ કરી શકાય - **જનકલ્યાણ**
- 'જીવતા હોવું' (to be live) અને 'જીવંત હોવું' (to be lively) એ બે વચ્ચેનો તફાવત માલગાડી અને પેસેન્જર ટ્રેન જેટલો મૂળભૂત ગણાય - **ગુણવંત શાહ**
- જીવનમાં રોજ રોજ મને 'તું' કહેનારાની સંખ્યા ઘટતી જાય છે અને 'તમે' કહેનારાની સંખ્યા વધતી જાય છે આ પ્રક્રિયાનું લૌકિક નામ તે 'ઉંમર' છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે ગમે તે કરો, નહીં તો જે કરશો એ ગમવા માંડશે - **બર્નાડ શો**
- ચાલાકીની ભુલભુલામણીમાંથી બહાર આવો, ભૂતકાળની યાદો અને ભવિષ્યનાં સ્વપનોની વચ્ચે વર્તમાનની ક્ષણ છે. તાકો નહી માત્ર જુઓ. પુરસ્કાર અને તિરસ્કારથી પર થઇને ફક્ત સાંભળો સર્જનની પ્રક્રિયાના સાક્ષી બનો - **ચંદ્રકાન્ત બક્ષી**
- ઇશ્વર વિનાના વિશ્વની જવાબદારી મનુષ્ય ઉપાડી શકશે? - **સંત રોબિન**
- શાંતિથી ઇશ્વર અને અલ્લાહ એક બની જાય છે, અશાંતિમાં તેઓ જુદા પડી જાય છે, સૌને પોતપોતાનો એક અલગ ઇશ્વર કે અલ્લાહ હોય છે - **પન્નાલાલ પટેલ**

*- (સંકલન : દીપક વી આશરા)*

## બોધ કથા

સમાજમાં, આપણી આસપાસ દરરોજ કેટલાય એવા બનાવ-ઘટના બને છે જે માત્ર આપણી આંખ જ નહીં અંતરાત્મા પણ ખોલી નાખે - પણ આપણી ગરીબ-સ્વાર્થી-લુચ્ચી-કપટી દૃષ્ટિ આપણને માફક આવે એવો જ અર્થ કાઢીએ છીએ; અને આપણા લોભ-મોહને પંપાળીએ છીએ - અને સારો સાચો અર્થ ગ્રહણ કરવાને બદલે અનર્થ કરીએ છીએ.

એક મજૂર ખૂબ મજૂરી કરી થાકી ગયો અને જિંદગીથી હારી ગયો. સંત પાસે ગયો. સંત કહે આજે રાત્રે સૂતી વખતે ઇશ્વરને હૃદયપૂર્વક પ્રાર્થના કરજે. ઇશ્વર કંઇકને કંઇક સંકેત જરૂર આપશે.

મજૂર પ્રાર્થના કરી સૂઇ ગયો. સ્વપ્નમાં એક દિવસ આત્માને દર્શન આપી કહ્યું. આજે જંગલમાં જજે અને ત્યાં જે દૃશ્ય દેખાય એના પરથી બોધગ્રહણ કરી આનંદપૂર્ણ જીવન જીવ!

મજૂર જંગલમાં ગયો. ગીચ જાળીમાં એક અપંગ વરૂ ચીખતું હતું. ત્યાં થોડીવારે એક ડાલામથો સિંહ મોઢામાં મોટો માંસનો ટૂકડો લઇ વરૂ પાસે નાખી ગયો. વરૂ તે પ્રેમથી - આનંદપૂર્વક ખાવા લાગ્યું.

મજૂરે આ ઘટના પરથી બોધ લઇ વરૂની જેમ મજૂરી કર્યા વિના, કોઇ સિંહ આવવાની રાહ જોતો ભૂખ્યો બેસી રહ્યો - ફરી ભગવાનને હૃદયપૂર્વક પ્રાર્થના કરી સૂઇ ગયો.

દિવ્ય આત્મા ફરી આવ્યા કહ્યું, મૂરખ તારે વરૂને જોઇ બોધ નો'તો લેવાનો સિંહની જેમ મજૂરી કરી, બીજા જરૂરિયાત વાળાને તું મદદ કર તો મજૂરીમાં થાક નહીં લાગે. આનંદ આવશે.

... અને મજૂર ફરી કામે લાગ્યો. Email - sureshchandrabhatt18@gmail.com

# રાતે ફૂટપાથે સુનારી ભૂખથી સુકાયેલી આંખો માટે ચાંદનો રોમાંસ બેબુનિયાદ છે - એના માટે ફક્ત રોટીઓ જ ઈશ્ક છે! પેટનો ખાડો પેલા ચાંદ કરતાં પણ મોટો હોય ત્યાં રોટીઓ સાથે જ પહેલી મહોબ્બત થવાની!

## ધ કોફી હાઉસ

### ઈક બગલ મેં ચાદ હોગા....

- ઉત્સવ પરમાર

ઇક બગલ મેં ચાંદ હોગા, ઇક બગલ મેં રોટિયાં
ઇક બગલ મેં નીંદ હોગી, ઇક બગલ મેં લોરિયાં
હમ ચાંદ પે રોટી કી ચાદર ડાલકર સો જાયેગે
ઔર નીંદ સે કહ દેંગે લોરી કર સુનાને આયેગેં
ઇક બગલ મેં ખનખનાતી સીપિયાં હો જાયેગીં
ઇક બગલ મેં કુછ રૂલાતી સિસકિયાં હો જાયેગીં
હમ સીપિયોં મેં ભરકે સારે તારે છૂકે આયેગેં
ઔર સિસકિયોં કો ગુદગુદી કર કર કે યૂં બહલાયેગેં
અબ ન તેરી સિસકિયોં પે કોઇ રોને આયેગા
ગમ ન કર જો આયેગા વો ફીર કભી ના જાયેગા
યાદ રખ પર કોઇ અનહોની નહીં તૂ લાયેગી
લાયેગી તો ફિર કહાની ઔર કુછ હો જાયેગી
હોની ઔર અનહોની કી પરવાહ કિસે હૈ મેરી જા
હદ સે જયાતા યે હી હોગા કિ યહીં મર જાયેંગે
હમ મૌત કો સપના બતા કર ઉઠ ખડે હોંગે યહીં
ઔર હોની કો ઠેંગા દિખાકર ખિલખિલાતે જાયેગેં

૧૯૯૬ ની સાલની પિયુષ મિશ્રાની ડાયરીમાંથી એકથી સીપી નાટક માટે લખેલું અને અનુરાગ કશ્યપને મળેલું આ ગીત ૨૦૧૨ ની ગેંગ્સ ઓફ વાસેપુરની કાતિલ ગોળીઓની બોછાર પાછળ વાગે છે. ત્યારે એક કમકમાટી ઊઠે છે ભીતર! પિયુષ મિશ્રા એ અદના માણસ છે જે સિતારાની છાતીમાં ભરાયેલા અંધકારને મુઠ્ઠીમાં પકડીને આંખો સામે મૂકી દે... તો તમને રીતસરનું અંધારૂં દેખાય! એના શબ્દો તમને ઊંચાઇઓ નહિ ગહરાઇઓનો આભાસ કરાવે છે! સહારાના રેગિસ્તાનમાં તપસી ચામડી પરથી અચાનક ધ્રુવ પ્રદેશની બર્ફિલી હવાઓ સનસનાતી ગુજરી જાય છે અને કશુક વાગી ગયું હોય ને લોહી નાં નીકળ્યું હોય એવો અહેસાસ છોડી જાય!

વાસ્તવિક ભ્રમણાઓ અને ભ્રામક વાસ્તવિકતાઓની દુનિયા માણસના અંદરના જગતને સતત ખલેલ પહોંચાડ્યા કરે! એક દ્વંદ્વ સતત ચાલ્યા કરે, સવાલો ફૂટ્યા કરે અને જવાબો દૂરથી જ પજવ્યા કરે! એક કાળી નાગી રાતે ફૂટપાથે સુનારી ભૂખથી સુકાયેલી આંખો માટે ચાંદનો રોમાંસ બેબુનિયાદ છે - એના માટે ફક્ત રોટીઓ જ ઇશ્ક છે! પેટનો ખાડો પેલા ચાંદ કરતાં પણ મોટો હોય ત્યાં રોટીઓ સાથે જ પહેલી મહોબ્બત થવાની! લોરીઓની લક્ઝરી - સ્લીપ માટે ખુદ રાતભર ખુલ્લી આંખોમાં સપડાયેલી ઊંઘ એ પણ રાહ જોવી પડશે! હજી તો પરસેવા એ ગરમી નથી દેખાડી એના ઇમાનની! આંખો બંધ કરીને જોયેલા સપનાઓની મલ્ટીકલર દુનિયાની આંખોમાં સવારનો તડકો બધા જ રંગો ઓગાળી દે છે! આ સૂરજની રોશની જાલિમ હોય છે - કાળા રંગના નિરભ્ર આકાશને ખસેડીને ગોઠવાઇ જતું આ વાદળી આકાશ આખી રાતે મહેનત કરીને સંતાડેલા તમામ ભેદ ફરી પાછા ઉજાગર કરી નાખે છે! જીવનની વિષમતાઓ અને વિરોધિતાઓ કદાચ દિવસના અજવાળામાં જ વધુ તીવ્રતાથી દેખાય છે! માણસનું જીવન કોઇ તથાકથિક ઇશ્વરનું સ્વપ્ન હોય અને.... એની ઊંઘ તૂટે તો ફૂટપાથ પર સુનારો, રસ્તાઓ પર ઇજ્જત વેચીને ભીખ કમાનારો, ઊંઘ સાથે સોદા કરી સપના વેંચનારો અને એમનાં જેવા એ બધા જેમના માટે જીવન એક માત્ર જૈવિક અને ભૌતિક સમજુતી છે એ દરેક માણસ ખુશ થઇ જશે!

દરેકની દુનિયાના પોતાના દરિયા છે પોતાના કિનારા છે! નાના નાના છીપલાંઓના શ્વાસમાં મોતી આકાર લઇ રહ્યો છે...! ને છીપલાંની બહારની દુનિયાનો દરિયો ઉફાન પર છે - જેની છીપલાંના મોતીને ખબર પણ નથી અને પડખે પણ નહિં! પણ આ ઉફાન અને છીપલાં બંને દરિયાની દુનિયાનો જ ભાગ છે! પરિસ્થિતિનો સ્વીકાર જ જીવનની સંભાવનાઓ તરફ લઇ જાય છે! ગીત તો સિસ્કિયોને ગુદગુદાવાની વાત કરે છે - આંસુઓ ને હસતાં આવડતું હશે??

જીવનનું સંભાવનાઓ જ અનંત છે! કોઇ સમીકરણ વિનાની અસીમ અફાટ અંતહીન સંભાવનાઓ! એક નદીની જેમ જીવી નાખવાનું! પરિસ્થિતિઓના નિયંત્રણની મહત્ત્વાકાંક્ષાઓ જ જીવનને કદાચ ભરી દે છે દુ:ખી થવાના કારણોથી! શાંતિથી વિચારીએ? દુ:ખી થવાના તમામ કારણો આપણે જ પેદા કર્યા છે, હે ને?

અને ગીત કહે છે હોની અનહોની કી પરવાર કિસે હૈ મેરી જાન! જે થવું એ થાય... અને કૈંક એવું થાય જે આપણી જીવન ઉર્જા અને જીવન ક્ષમતાના પરિઘની બહાર હોય તો અંતે તો એક પરિણામ છે મોત! હદ સે જયાદા યે હી હોગા કી યહી મર જાયેગેં! અને જો એવું કઇ થાય તો પણ મોતને સપનું ગણી લઇશું અને ઊભા તો થઇશું જ... એવો આશાવાદ પણ!

ગીતને વાંચીને અને સાંભળીને પેદા થતા તરંગો લાંબા સમય સુધી રણઝણ્યા કરે છે! પિયુષ મિશ્રા અને સ્થેશીયા આપ્યા વિના સીધું જ ઓપરેશન કરનાર કલાકાર છે! આસપાસની ઘટનાઓ પ્રત્યે આ એક પ્રતિ-સંવેદન છે! કદાચ માણસની હોવા તરીકેની આ પહેલી શરત સંવેદનશીલતા છે!

ગીત એક પડઘો છે - સમાજની વિષમતાઓનો! એ વિષમતાઓ જેને લીધે આપણે સૌ એ વારંવાર સમાનતાની વાતો કરવી પડે છે!

- ch9723367947@yahoo.com



# જે વક્તા વ્યક્તિગત આક્ષેપથી અલગ રહી, શાંત સૌમ્ય - ભાષામાં તાર્કિક - રીતે વિચારો વ્યક્ત કરે છે તે જ આખરમાં જીતે છે તેમાં શ્રોતાઓનું યોગદાન જરૂરી છે

## અવનવું યુદ્ધ હળવે લેખ

- અનંત ન. વ્યાસ

'ભાષાને શું વળગે ભૂર -જે ચૂંટણી જીતે તેને શૂર' - અને 'Every thing is fear in love and war' આપણા ભાષણ પ્રિય નેતાજીઓ આ બંને સૂત્રો શરમ - સંકોચ વિના વારંવાર પ્રયોજે છે. અખો કવિ પણ આર્ષદૃષ્ટા હશે... એકવીસમી સદીના ચૂંટણી જંગમાં નેતાઓ કેવી વાણીને પ્રયોજશે તેનો ચિતાર તેણે અગાઉથી આપી દીધો. હાલમાં ચૂંટણી પ્રચાર સભામાં જે પ્રકારનો વાણી વિલાસ થાય છે, ઉચ્ચ સ્થાન પર બિરાજમાન નિમ્ન સ્તરના લોકો જે ભાષા પ્રયોજે છે તે સાંભળી ઘડીભર તો સુન્ન થઇ જવાય. એમને લાગે કે નિધ તદ્દન નિમ્ન-સ્તરની ભાષા - સમૃદ્ધિ વધારવાના સમારંભો તો નથી ચાલુ થયા ને? કોણ વધારે હલકી અને વ્યક્તિ પરત્વે છે તેની હરીફાઇ જામી છે. સૌરાષ્ટ્ર તો ધિંગાણાનો પ્રદેશ છે. ત્યાં અવારનવાર કોઇને કોઇ ગામમાં ધિંગાણું થાય. હાકલા - પડકારા થાય. પણ ગાલી-ગલોચ ન થાય... ત્યારે આ ચૂંટણી જંગમાં સાચા હાલકા - પડકારા તો કોઇ કરી શકે તેમ નથી. એક પક્ષને અન્ય ચારેનો પક્ષ લાગે છે તો સામો પક્ષ પંજાને ખૂની પંજો કહે છે. ભીંત ફાડીને જેમ પીપળા ઊગે છે. તેમ વ્યક્તિના આંતર-મનમાં અતિ ઊંડાણમાં પડેલા સંસ્કારો તક મળતા સપાટીપર ફૂટી આવે છે. જે વ્યક્તિ પોતાના જીવન દરમિયાન મહિલા પરતો માન કે આદર ન ધરાવતી હોય. જેના મનમાં સ્ત્રીનું કોઇ વ્યક્તિત્વ ન હોય તેવી વ્યક્તિ જ બળાત્કારનો આનંદ માણે' શબ્દ ઉચ્ચારી શકે. જાહેરમાં થતાં આવા ઉચ્ચારણો આપણું નૈતિક દૃષ્ટિએ કેટલું અધ:પતન થયું છે તે દર્શાવે છે અને આપણે લોકશાહીના નામે વાણી - સ્વાતંત્ર્યના ઓઠા તળે આવું ચલાવી લઇએ છીએ. કદાચ એ વચન મમળાવી આનંદ માનનારા પણ નીકળે. પરંતુ આવી વાણી સમાજને અદૃશ્ય દૂષિત કરે છે.

વિશ્વમાં લોકશાહી વ્યવસ્થા ધરાવતા ઘણા રાષ્ટ્રો છે. પણ જે તે રાષ્ટ્રમાં ચોક્કસ પ્રકારની મર્યાદાઓનું અવશ્ય પાલન થાય છે. ચૂંટણીઓ વિશ્વવ્યાપી છે. અન્ય લોકશાહીમાં ચૂંટણી સિદ્ધાંતો પર લડાય છે. જયારે આપણી ચૂંટણી વ્યક્તિ પરત્વે લડાય છે. કોઇ પક્ષ સિદ્ધાંતની વાત નથી કરતો. પોતાની પાર્ટી જો સત્તા સ્થાને આવશે તો વિદેશનીતિમાં આર્થિક નીતિમાં કેવા ફેરફારો થશે તેની જાણ કોઇ કરતું નથી. ગરીબી અને બેકારીની સમસ્યા કેમ હલ થશે તેનું કોઇ વ્યાજબી ચિત્ર રજૂ થતું નથી. કોઇ પ્રકારની મર્યાદાનું પાલન કરવાનું તો આ નેતાઓ શીખ્યા જ નથી. મનમાં જે સમયે જે કુવિચાર, કે કુતર્ક ઊભો થયો તેની સત્યાતા તપાસવાનો વિવેક કોઇ રાખતું નથી. વિના વિચારે બોલી નાખવું. નિવેદન ફટકારી દેવું. તેમાં સૌ પાવરધા થઇ ગયા છે. આપણું નામ છાપામાં આવ્યું ને જાણે ઇડરિયો ગઢ જીત્યા. કોને કેટલું નુકસાન થયું તેનો વિચાર કરતા નથી સત્યાસત્ય વિવેક જાળવતા નથી હવે અણ્ણા ભલેને ખુલાસા કરે કે મેં કેજરીવાલને ક્યારેય ભ્રષ્ટાચારી નથી કહ્યા. પણ હવે તેનો શો અર્થ? ફોડનારે તો ફટાકડો ફોડી નાખ્યો. ને આમ આદમીની પાર્ટીને કરવાનું નુકશાન કરી દીધું. લોકશાહીમાં તો વ્યક્તિપૂજા કે વ્યક્તિકેન્દ્રી વિચારધારા મોટું દુર્ભાગ્ય છે.

ઇંગ્લેન્ડની પાર્લામેન્ટ લોકશાહીની જનેતા ગણાય છે. આપણી લોકશાહીના જેટલા દસકા કાઢ્યા તેટલી સદીથી યુરોપમાં થઇ. આપણે ત્યાં લોકશાહીને સ્થાને ટોળાશાહી પ્રસ્થાપિત થઇ ગઇ. લોકશાહીનાં આત્મા જ મારી નાખવામાં આવ્યો. ઇંગ્લેન્ડના એક વખતના મુખ્ય પ્રધાન માર્ગારેટ થેચર - પોતાના પ્રધાનમંડળના એક સભ્ય માટે ઘસાતું લખાણ પ્રસિદ્ધ થયું કે તુરત રાજીનામું આપી દીધું ને આપણાં પ્રધાનો જુવો - ખુદ તેના પર આક્ષેપ થાય.આ સંસદમાં નામ ચર્ચાય. પણ ક્યારેય કોઇ રાજીનામુ આપે છે. આમાં કોઇ પણ પક્ષ માટે વિચારવાનું નથી. ઘર-ઘર માટીના ચૂલા તેમ પક્ષે પક્ષે ભ્રષ્ટાચારી નેતાને વાત કરે. લોકશાહીના મતદારો ક્યાં રહે છે પણ મતધારા બિચારો શું કહે. ગામે ગામ પેલાના બાકી ખર્ચ ઊભા હોય છે. ત્યાં કોણ બોલે....

ચૂંટણી સમયે સામાન્યત: વિવિધ પક્ષો પોતાના સિદ્ધાંતો પ્રજા સામે રજૂ કરે છે. પોતાનો પક્ષ સત્તા પર આવશે તો વિદેશ-નીતિ, આર્થિકનીતિ કેવી રહેશે તેના ચિત્રો રજૂ કરે છે. કયા ક્ષેત્રનો કેવો વિકાસ કરાશે તે પ્રજાને સમજાવે છે. જયારે આપણે ત્યાં કોઇ નેતા આવું કશું બોલે છે ખરો? ક્યાંથી બોલે... આવી વાતોનો અભ્યાસ જ નથી. અહીં અહીં તો વ્યક્તિગત આક્ષેપ. 'મેડમ'ને 'શાહજાદા' તો સામે 'ચા વેચનાર - મુફલીસ' જેવા શબ્દોનો જ વરસાદ... આમા ભવિષ્યનું શું દર્શન થવાનું ને જો વાત વિકાસની કરે તો એ કૌભાંડનો જ વિકાસ થશે તેમ સમય લેવાનું...

નિવેદનિયા નેતાઓની બુદ્ધિ માટે પણ ખરેખર વિચાર થાય. કોંગ્રેસના નેતાને લાગ્યું કે પ્રકૃતિ અત્યારે જ કમળ ખીલવે તે કેમ ચાલે... આ કમળો ઢાંકી દેવા જોઇએ. બસ મનમાં તુક્કો જનમ્યો ને પહોંચ્યા. ચૂંટણી પંચ પાસે... એ તો સારૂં થયું કે તળાવ સુકવી નાખવાની વાત ન કરી. પણ તળાવોમાં ખીલતાં કમળો ઢાંખવાની મુર્ખાઇ ભરી વાત તો કરી જ પંચ સમજદાર છે. તે વાત હસી કાઢી. પણ કહેવા જેવું હતું કમળો તો ઢાંકી દેવાશે. પણનાં પંજાને પાટા નહિ બંધાય. તેને તો કાપી નાખવા જ પડે. તે માટે છોને તૈયાર...

અને હવે આ દેશમાં કોઇ નેતાને ભાઇ કહેવા તે પણ ગુનો ગણાશે. ત્રાસવાદીને નાણાં પુરા પાડનાર દાઉડ માટે તે લોકો 'ભાઇ' સંજ્ઞાનો પ્રયોગ કરે છે. તેને કંઇ નથી કહેવાનું પણ લતાજીને નરેન્દ્ર મોદીને ભાઇ કીધા. ભારે માં ભારે અપરાધ. મોદીનો સતત વિરોધ કરતા અમેરિકાએ પણ કોઇ નાગરિકને મોદી માટે સન્માનજનક વાત કરતા અટકાવ્યા નથી. પણ આ તો અમારૂં રાજય. લતાજીને મળેલો 'ભારત રત્ન' એવોર્ડ પાછો લઇ લો. નહિતર ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશું... હશે વાત - ગાંધીજી આમાં શું ચિંધી ગયા હશે... એ તો તમામને 'ભાઇ ગણતા.' ભારત રત્ન એવોર્ડ શા માટે અપાય છે તે વાતથી શું તેઓ અજાણ્યા છે? ના... પણ વિરોધ પક્ષ માટે બોલવું તો જોઇએ ને... અને એમાં ભાજપે પણ હરખાવા જેવું જરાપણ નથી. તેના ભૂતકાળમાં આવી માંગણી પણ થઇ છે આતો આવ ભાઇ હરકા આપણે બે સરખા કે સાપને ઘેર પરોણો સાપ' જેવી વાત છે.

મહાન વિચારક પ્લેટોએ કહ્યું છે 'જયારે લોકશાહી ટોળાશાળીમાં ફેરવાય જાય છે ત્યારે ગદર્ભો પણ મહત્ત્વનાં અહંભાવ ધારણ કરીને રસ્તા પર કૂચ કરવા લાગે છે.' આપણે તો માત્ર એટલું જ ઉમેરવાનું કે તેઓનાં ભૂંકણથી સજ્જનોની શાંતિ ન હણાય. મુખથી છૂટતો પ્રત્યેક શબ્દ આપણા સંસ્કારનું. ચિંતનનું તથા બુદ્ધિમતાનું નિદર્શન કરતો હોય છે. એક વખત બોલાયેલો શબ્દ પાછો ફરતો નથી. ન બોલાયેલા શબ્દો આપણા ગુલામ છે. બોલાઇ ગયેલા શબ્દોના આપણે ગુલામ છીએ તે વાત વિચારીને વાણીનો સમપ્રયોગ થવો જોઇએ. વક્તા જોસમાં આવી જઇને કે પછી વિશાળ મેદની જોઇને જાત પર અને જીભ પરનો કાબુ ગુમાવી બેસે છે. પરિણામે ઉચ્ચ સ્તરીય ચુંટણી ભાષણ નિમ્ન સ્તરીય આક્ષેપબાજીમાં પલટાઇ જાય છે. કદાચ આવી ભાષા જે તે સમયે તાળીઓ પડાવવામાં સફળ થાય પણ વિચારવંત નાગરિકને જાત આપવા પ્રેમી શકતી નથી. લાગણીના પ્રવાહમાં વહી જઇને પણ ઘડીભર ભાવુકતા પેદા કરી શકાય. તેનું કાયમી ફળ ન મળે. વક્તાએ યાદ રાખવું જોઇએ કે શ્રોતાઓ કંઇક સાંભળવા - પ્રાપ્ત કરવા આવ્યા છે. માત્ર આક્ષેપબાજી સાંભળવા નહિ.

જે વક્તા વ્યક્તિગત આક્ષેપથી અલગ રહી, શાંત સૌમ્ય - ભાષામાં તાર્કિક - રીતે વિચારો વ્યક્ત કરે છે તે જ આખરમાં જીતે છે તેમાં શ્રોતાઓનું યોગદાન જરૂરી છે. કેટલાક વક્તાઓ શ્રોતાઓ આવું સાંભળવા ઇન્કાર કરે તો સ્તર સુધારવાની આશા ખરી. બાકી હાલના ભાષણો તો વક્તા - શ્રોતા બંને માટે શરમજનક છે.

# તમે કંઇ પણ બનો તે માટે અભિનંદન પણ પહેલાં ફક્ત તમે ઇન્સાન જ બનો

## સંત નિરંકારી મિશન-એક પરિચય

- લક્ષ્મી એમ. વાધવાણી (નિરંકારી)

*(ગતાંકથી આગળ...)*

- સદ્‌ગુરૂ :

સદ્‌ગુરૂ વાસ્તવમાં નિરાકાર બ્રહ્મની સગુણ સત્તા છે, જે એક શરીરના માધ્યમ દ્વારા કાર્યરત છે. સદ્‌ગુરૂ શરીર નથી, પરંતુ એ સત્યજ્ઞાન છે. જે તે શરીરના માધ્યમથી પ્રવાહિત થાય છે.

સદ્‌ગુરૂને કાયરેય કોઇ જાતિ કે ધર્મ વિશેષ સાથે કોઇ સંબંધ નથી હોતો. વાસ્તવિકતા તો એ છે કે સદ્‌ગુરૂ માનવ માત્રના માટે અવિરત થાય છે અને બ્રહ્મજ્ઞાન દ્વારા માનવમાત્રનો ઉદ્ધાર કરે છે.

- ભક્તિ :

સામાન્ય રીતે ભક્તિ ભગવાનને પ્રાપ્ત કરવા માટે થતી હોય છે. જયારે સંત નિરંકારી મિશન એ સનાતન સિદ્ધાંતમાં વિશ્વાસ રાખે છે કે પહેલાં ભગવાનને જાણો, માણો પછી જ ભક્તિ થઇ શકશે. સર્વશક્તિમાન પરમાત્માને અંગસંગ જાણ્યા પછી જ અહંભાવ ઓગળશે. દાસ ભાવના જન્મ લેશે અને નમ્રતા જીવનનું અંગ બની જશે. જ્ઞાન લીધા પછી ભક્તિ કરવાથી નિરાકાર પ્રભુ પરમાત્મા તેમજ સદ્‌ગુરૂ પ્રત્યે સમર્પણની ભાવના જીવનમાં જાગૃત થશે. જે સંપૂર્ણ જીવનને ભક્તિમય બનાવી દેશે. આ પ્રેમાભક્તિ કોઇ સમય, સ્થાન કે સાધન પર અવલંબિત નથી.

નિરંકારી બાબાએ કહ્યું છે -

- ધર્મ જોડે છે, તોડતો નથી. એકને જાણો, એકને માનો, એક થઇ જાઓ.

- અપકાર નહિ, ઉપકાર કરો. જ્ઞાનનો સૂર્ય ઉગે પછી પ્રેમ ભક્તિનો ઉદય થાય છે.

- નર સેવા નારાયણ પૂજા. જ્ઞાનના સુંદર નકશામાં અમલનો રંગ ભરવાનો છે.

જો માનવ જીવન સુંદર હોય તો, યુગ સુંદર, સદીઓ સુંદર, પ્રત્યેક પળ સુંદર.

તમે કંઇ પણ બનો તે માટે અભિનંદન પણ પહેલાં ફક્ત તમે ઇન્સાન જ બનો.

પ્રીત, નમ્રતા અને સમદૃષ્ટિ જીવનનો આધાર બને.

ઉદ્દેશ્યો ઊંચા હોવાને કારણે આ મિશન આગળ વધી રહ્યું છે. આ ઉદ્દેશ્યોમાં તમામ ઉત્તમ કાર્યો દ્વારા, ઊંચા અમલથી તમારૂં યોગદાન આપો. મહાપુરૂષોનું બલિદાન જરૂરથી મિશનને વધુ પહોંચાડી શકે છે. આગળ વધારે ઊંચાઇ પર પહોંચે તે માટે આપણે જ્ઞાન પ્રમાણે કર્મ કરવાનું છે અને બધા માટે સુખની માંગણી કરવાની છે. બધાને આરામ - સુખ - ચેન મળે તે માટે કામના કરવાની છે.

- સંત નિરંકારી મિશન એક વિશ્વવ્યાપક લહેર બની ગયું છે. વિશ્વના ઘણા દેશોમાં નિરંકારી સત્સંગ નિયમિત રીતે થાય છે. જયાં સામાજિક કાર્યોની સાથે સાથે બ્રહ્મજ્ઞાનના માધ્યમથી વિશ્વ બંધુત્વની ભાવના ફેલાવવામાં આવે છે.

- આ મિશન વર્તમાનમાં એક આધ્યાત્મિક આંદોલનમાં દરેક માનવી પોતાની ઇચ્છાથી યોગદાન આપવા માટે તત્પર દેખાય છે. એમાં એક બીજું માનવતાનું સોનેરી ભવિષ્ય ઝળકતું દેખાય છે તો બીજી બાજુ વિશ્વ બંધુત્વનો અલૌકિક આધ્યાત્મિક આધાર છે.

દર બુધવારે અને ગુરૂવારે ઝી ટીવી પર સવારે ૬.૦૦ થી ૬.૩૦ સુધી નિરંકારી બાબા હરદેવસિંહજી મહારાજના પ્રવચનનો લાભ મળે છે. ગાંધીનગર ખાતે કે.એસ. ચુઘ (નિવૃત્ત ડી.વાય.એસ.પી. વાયરલેસ) આ સાનિધ્યમાં સંત નિરંકારી ભવન, શાંતિવન, સોસાયટી, સામે ચીપ ટાઇપ સોસાયટી સામે, ચ-રોડ, સેક્ટર-૨૯-૩૦ ના બસ સ્ટેન્ડ પાછળ, સેક્ટર-૩૦ ખાતે ઉપલબ્ધ છે. જયાં દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ દરમિયાન નિયમિતપણે સત્સંગનો કાર્યક્રમ હોય છે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાએ આ સત્સંગનો લાભ અચૂકપણે લેવા નિમંત્રણ છે.

મિશનની વધુ માહિતી આવતા અંકે....